
## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



**શાકભાજીનો ભાવવધારો કોરોનાને ફેલાતો રોકવાનાં ભાગરૂપે જ છે... તેનાથી લોકો શાકભાજી ખરીદશે નહીં અને સુપર સ્પ્રેડર્સથી દૂર રહેશે...!!**

# પત્ની સાથે મંદિરમાંથી સોના-ચાંદીના દાગીનારી ચોરી કરનાર આરોપી ઝડપાયો

## આરોપી પાસેથી ૬૧ હજારથી વધુના ચાંદીના દાગીના પોલીસે કબ્જે કર્યા

ગાંધીનગર, તા.૨૦ ગાંધીનગર જિલ્લામાં પોતાની પત્ની સાથે મળી બપોરના સમયે મંદિરમાં ચોરી કરનાર શખ્સ પોલીસના હાથે ઝડપાયો છે. જયારે રાજસ્થાન, મહારાષ્ટ્ર, દિલ્હી, હૈદરાબાદમાં આવેલા જવેલર્સના શો-રૂમમાં પોતાની બહેન સાથે મળીને નજર ચુકવી સોના-ચાંદીના દાગીના ચોરી કરનાર શખ્સને ચોરીના બાઈક સાથે એલસીબી પોલીસે ચિલોડા પાસેથી પકડી પાડ્યો છે. પોલીસે આ શખ્સ પાસેથી મંદિર ચોરીના રૂ.૬૧,૮૨૦ની કિંમતના ચાંદીના દાગીના કબ્જે કરી ૪ ગુનાનો ભેદ એલસીબી પોલીસે ઉકેલી દીધો છે.

બનાવની મળતી માહિતી મુજબ એલસીબી પીએસઆઈ ડી.એસ.રાઓલની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા. તે સમયે એએસઆઈ ધર્મેન્દ્રસિંહ તેમજ વિજયસિંહને ખાનગી રાહે સંયુકત બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ચિલોડા થી દહેગામ તરફ જતા માર્ગ પર આવેલા અશ્વમેઘ કોમ્પ્લેક્ષ પાસેથી આરોપીને દબોચી લીધો હતો. આરોપી ચંદ્રકાંત ઉર્ફે મુન્નો વિનોદભાઈ પરમાર (છારા રહે.સ્વામીનારાયણ પાર્ક બી-૨૪ મકાન નં.૪૦૩ નવા નરોડા), પાસેથી એક ચાંદીનું છત્ર, એક પાવડી, તેમજ ચાંદીની લગડી મળી આવી હતી.

પોલીસે આ અંગે તપાસ કરતા તમામ વસ્તુ ચોરીનું હોવાનું સામે આવ્યું હતું. પોતાની પત્ની ગીરા પરમાર સાથે મળીને બપોરના સમયે ચોરીને અંજામ આપતો હતો. જેમાં સરગાસણ ગામની સીમમાં ગોગા મહારાજ અને જોગણી માતાના મંદિરમાંથી ચાંદીના ૨૦ છત્તર ચોરી કર્યા હતા. આ છત્તર સોનીને આપીને ચાંદીની લગડી બનાવી હતી. જયારે તાજેતરમાં લેકાવાડા ગામે વહાણવટી માતાજીના મંદિરમાંથી પણ ચાંદીનું છત્તર અને પાવડીની જોડની ચોરી કરી હતી. પોલીસે રેકર્ડ પર ખાતરી કરતા બનાવ અંગે ગુના નોંધાયેલા છે. જયારે સાદરા



ખાતે એક વર્ષ પહેલા આરોપીએ પત્ની અને પોતાના મિત્ર નિકુંજ સાથે મળીને ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. આરોપીને બાઈક અંગે પુછતા તેણે પોતાના ભત્રીજાના મિત્ર હરસિધ્ધ રાઠોડ (મારવાડી,રહે. સરદારનગર) પાસેથી દોઢ વર્ષ અગાઉ માત્ર ૪ હજારમાં લીધુ હતું. પોલીસો આરોપી પાસેથી ચાંદીનું છત્ર, એક પાવડી નંગ-૨, તેમજ ચાંદીની લગડી અને બાઈક મળીને કુલ રૂ. ૬૧,૮૨૦નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### આરોપીનો ગુનાહિત ઈતિહાસ

ભુતકાળના સમયથી જ આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. આરોપીએ પોતાની બહેન પુનમ વિનોદભાઈ છારા સાથે મળીને રાજસ્થાન, મહારાષ્ટ્ર, દિલ્હી, હૈદરાબાદ ખાતે જવેલર્સના શો રૂમમાં નજર ચુકવીને દાગીનાની ચોરી કરતા હતા. જેમાં તેઓ પકડાઈ પણ ગયા હતા. તે ઉપરાંત અમદાવાદ, પ્રાંતિજ અને મોડાસા ખાતે વિદેશી દારુની હેરાફેરીમાં પણ પોલીસના હાથે આરોપી ઝડપાયો છે. જયારે આરોપી પત્ની ગીરા પરમાર તેમજ બહેન પુનમ છારા અને મિત્ર કમલેશ સાથે મળી મહેસાણા અને પ્રાંતિજ ખાતે પણ મંદિર ચોરીમાં ઝડપાઈ ગયા હતા.

### ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં ગઈ મધરાત્રિએ ૧૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં આજ સવાર સુધીમાં સિઝનનો ૧૧૬.૩૦ ટકા વરસાદ નોંધાયો છે.
- ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં પહેલીવાર પ્રથમ જ દિવસે બે બેઠકોનું આયોજન કરાયુ છે.
- ગાંધીનગર તાલુકા પંચાયતના નવા વરાયેલા પ્રમુખ-ઉપપ્રમુખ આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે.
- ગાંધીનગર શહેરમાં ૧૦૦ સખીમંડળોને ૩૦-૯-૨૦૨૦ સુધી ઓળખી કાઢી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત આવરી લેવાનો લક્ષ્યાંક મનપાએ નીયત કર્યો છે.
- ગઈકાલથી શરૂ થયેલી આઈ.પી.એલ.ની મેચોને લઈ ક્રિકેટ રસિયાઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના હિસાબી અધિકારી સંદીપ રૂપેલ્લાએ રાજીનામાનો પત્ર સરકારને તેમની પસંદગી યુ.પી.એસ.સી. દ્વારા થતાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. જો કે રાજીનામાનો હજુ સ્વીકાર કરવામાં આવ્યો નથી.
- ગાંધીનગરના સીટી ઈજનેર ભરતભાઈ પંડ્યા આજે કોરોના મુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. જોકે હજુ તેમણે હોમ ક્વોરોન્ટાઈન ૧૪ દિવસ સુધી રહેવુ પડશે.

# ઉત્તર ગુજરાતમાં મેઘ તાંડવ

ગુજરાતમાં મેઘરાજા મહેરબાન નહી પરંતુ ઓળઘોળ થઈ ગયા હોય તેવું લાગી રહ્યું છે. વરસાદની સિસ્ટમ સક્રિય થતા ભારે વરસાદની આગાહી વચ્ચે સૌરાષ્ટ્ર અને ઉત્તરગુજરાતમાં ભારે વરસાદ પડ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના ગીરના જંગલોથી માંડીને ખાંભા અને ભાવનગર પંથકમાં ભારે વરસાદ પડી રહ્યો છે. જેથી ઉભાપાકને ભારે નુકસાન થયું છે. થોડા દિવસો ઉઘાડ રહ્યા બાદ ગીરના જંગલમાં બે કલાકમાં ૩ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. બીજી તરફ ખાંભામાં ભારે વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં ગોઠણસમા પાણી ભરાયા છે. ભાવનગર પંથકમાં પણ કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જ્યારે વિજળી પડવાના કારણે એકનું મોત નિપજ્યું છે. ગીરના જંગલમાં ૨ કલાકમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. પાંચ દિવસથી વરસાદે વિરામ લીધો હતો. આજે ફરી મેઘરાજાએ તોફાની બેટિંગ શરૂ કરી હતી.



કોરોનાના સંક્રમણને ઓછો કરવા માસ્ક અંગે જાગૃતિ લાવવી ખૂબ જ જરુરી છે. સેકટર-૨ ૩માં કોર્પોરેટર નીલાબેન શુકલ, કનુભાઈ દરજી, વોર્ડ પ્રમુખ પ્રેમલભાઈ શાહ, અલ્પેશ ભટ્ટ, વીણાબેન ઝાલા, મન્સુરીભાઈ, ભરતભાઈ અને અન્ય કાર્યકરોની ઉપસ્થિતિમાં માસ્ક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# અમદાવાદ સહિત સુરતમાં કોરોનાના કેસમાં ઉછાળો

## રાજકોટ-જામનગરમાં પણ ૧૦૦થી વધુ કેસ : સરકારની ચિંતા વધી

ગાંધીનગર, તા. ૨૦ ગુજરાતના બે મોટા શહેરો અમદાવાદ અને સુરતમાં કોરોના વાયરસના કેસની સંખ્યા વધી રહી છે. સુરતમાં છેલ્લા ઘણા દિવસથી કેસની સંખ્યા ૧૭૦ની આસપાસ રહેતી હતી જ્યારે અમદાવાદમાં ૧૫૦ની આસપાસ રહેતી હતી. જોકે, છેલ્લા ૨૪ કલાકમાં તેમાં ઘણો ઉછાળો જોવા મળ્યો છે. આ ઉપરાંત રાજકોટ, જામનગર અને સુરત જિલ્લામાં પણ કેસની સંખ્યા ૧૦૦થી ઉપર નોંધાઈ છે. સુરતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૮૧ નવા કેસ નોંધાયા છે જ્યારે અમદાવાદમાં ૧૬૧ નવા કેસ સામે આવ્યા છે. આમ એક દિવસમાં બંને શહેરોમાં કેસની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. અમદાવાદમાં કોરોના વાયરસના કેસની સંખ્યા ઘટવાના બદલે વધી રહી છે. તંત્રના પ્રયાસો છતાં પરિસ્થિતિ નિયંત્રણમાં આવી રહી નથી. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં કોરોનાના ૧૬૧ નવા કેસ નોંધાયા છે. ઘણા દિવસો બાદ કેસની સંખ્યા ૧૬૦ની ઉપર નોંધાઈ છે. જ્યારે ૧૨૦ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. અમદાવાદ જિલ્લામાં ૨૨ કેસ નોંધાયા છે અને ૨૫ દર્દીઓ સાજા થયા છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કારણે ચાર વ્યક્તિઓના મૃત્યુ થયા છે. સુરતની પરિસ્થિતિ વધારે વકરી રહી છે. સુરત શહેરમાં તો કોરોનાની પરિસ્થિતિ નિયંત્રણમાં આવી રહી નથી તેવામાં સુરત જિલ્લામાં પણ કેસ સતત વધી રહ્યા છે. સુરત શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૧ કેસ સામે આવ્યા છે.

### ગુજરાત યુનિ. વિસ્તારમાં નાસ્તાની લારીઓ પર ભીડ જામી

અમદાવાદ શહેરમાં ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં નાસ્તાની લારીઓ પર ભીડ જામી હતી. ઉલ્લેખનીય છે કે રવિવારની રજાના દિવસે લોકો ખાણી પીણીની લારીઓ પર ચા નાસ્તાની મજા માણાતા જોવા મળ્યા હતા. લોકો સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરીને ગપાટા મારતા કેમેરામાં કેદ થયા હતા. એકબાજુ દિવસેને દિવસે કોરોના કેર વધી રહ્યો છે. ત્યારે બીજી તરફ લોકોની બેદરકારી સામે આવી હતી. લોકો સરેઆમ કોવીડ નિયમોનું ઉલ્લંઘન કરતા જોવા મળ્યાપઆ દ્રશ્યો પરથી લાગી રહ્યું છે કે લોકોને હવે કોરોનાનો ડર રહ્યો નથી.

# વાઈબ્રન્ટ ગુજરાતના નામે ચાઈનીઝ કંપનીઓ સાથે સરકારની સીધી સંડોવણી : કોંગ્રેસ

ગાંધીનગર,તા.૨૦ દેશમાં ૧૦ હજાર જેટલા મોટા માથાઓની જાસૂસી કરનાર ચાઈનીઝ કંપની સાથે ગુજરાત સરકાર દ્વારા એમઓયુ કરી કરોડો રૂપિયાના કોન્ટ્રાક આપ્યા હોવાનો ચોકવનારો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. કોંગ્રેસનું માનવું છે કે, સરકારની ચાઈનીઝ કંપનીઓ સાથે વાઈબ્રન્ટ ગુજરાતના નામે સીધી સંડોવણી છે. ભારતના ઉચ્ચ હોદ્દા પર રહેલા નેતા અને અગ્રણીઓની જાસૂસી મામલે ગુજરાત કોંગ્રેસે સૌથી મહત્વપૂર્ણ અને મોટો ખુલાસો કર્યો છે. ગુજરાત કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ દાવો કર્યો છે કે,

જે કંપની ભારતની જાસૂસી કરવામાં જેની સંડોવણી છે તેવી ચીનની સેનઝાન ઈન્ફોટેક કંપનીએ ગુજરાત સરકાર સાથે એમઓયુ કર્યા છે. આ મામલે કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ ભાજપ સરકારની બેવડી નીતિ હોવાનો દાવો કર્યો છે. કોંગ્રેસનો દાવો છે કે, વર્ષ ૨૦૧૭માં ધોલેરામાં સ્માર્ટ સિટી અંતર્ગત ચીનની સેનઝાન કંપની સાથે રાજ્ય સરકારે એમઓયુ કર્યા હતા. તેવામાં આજ કંપની હવે ભારતની જાસૂસી કરતી હોવાનું સામે આવ્યું છે. માત્ર આટલું જ નહીં પરંતુ તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, અને હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે એમઓયુ થયા છે.

તેવામાં હવે એક તરફ ચીનનો બહિષ્કાર થઈ રહ્યો છે, તેવામાં શું આ એમઓયુના કરાર રદ કરાશે કે કેમ? તે સવાલ કર્યો છે. સાથે જ દેશ હિતની વિરુદ્ધ જઈ ભાજપ ચીન સાથે નિકટતા અને પ્રેમ દર્શાવવાનું બંધ કરે તેવી પણ માંગ કરી છે. મહત્વનું છે રાજ્ય સરકારની સીધી સંડોવણીની પોલ કોંગ્રેસ દ્વારા ખોલતા અનેક સવાલો સામે આવી રહ્યા છે. એક તરફ ચીની વસ્તુ ઓ અને એપ્લિકેશનનો બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે તેવામાં બીજી બાજુ ચાઈનીઝ કંપની સાથે જ કોરોડો રૂપિયાના એમઓયુ કરવામાં આવી રહ્યા છે.



### ભાજપ મહિલા મોરચા દ્વારા હેલ્થ ચેકઅપનું આયોજન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે ઉજવાઈ રહેલા સેવા સપ્તાહ અંતર્ગત ગાંધીનગર શહેરના ભાજપ મહિલા મોરચા દ્વારા ધન્વંતરી રથના માધ્યમથી હેલ્થ ચેકઅપનું આયોજન કર્યુ હતુ જેમાં ૧૨૫ જેટલા લાભાર્થીઓએ પોતાની આરોગ્ય વિષયક તપાસ કરાવી હોમિયોપેથી દવા પણ પ્રાપ્ત કરી હતી જે રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં ઉપયોગી છે. આ ઉપરાંત પ્રકૃતિ જતનના ભાગરૂપે વૃક્ષોને રાખડી બાંધી તેમનું જતન કરવાની જવાબદારી ઉપાડવાનો સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના ડૉ દિવ્યાબેન સહિત મહિલા મોરચાના પ્રમુખ મણીબેન દેસાઈ, મહામંત્રી ભાવનાબેન પાઠક અને પ્રિયાબેન પટેલ ઉપરાંત સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

# કોવિડની અવળી અસર, સરકારી વિભાગોમાં ૩૧મી માર્ચ ૨૦૨૧ સુધી ખરીદી પર પ્રતિબંધ

## બજેટમાં જોગવાઇ છે તેવા એક કરોડથી વધુના કામો માટે 33.33 થી ૫૦ ટકા રૂપિયા નહીં મળે

કોરોના સંક્રમણના કારણે પ્રાઈવેટ કચેરીઓ અને ઉદ્યોગ-ધંધાને અવળી અસર પડી છે તેની સાથે સાથે સરકારી કચેરીઓને પણ ગંભીર અસર થઈ છે. પ્રાઈવેટ જોબ કરતા કર્મચારીઓના પગારમાં ૫૦ ટકા સુધીનો કાપ મૂકવામાં આવેલો છે અથવા તો કોસ્ટ કટીંગમાં કર્મચારીએ જોબ ગુમાવી છે. આર્થિક મંદીમાં જેટલી જોબ ગઈ નથી તેનાથી પાંચ ગણી જોબ કોરોના સંક્રમણમાં ગઈ છે. રાજ્યનો નાણાં વિભાગ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના હાથમાં છે. તેમનો સ્વભાવ એવો છે કે ખોટો રૂપિયો ક્યાંય વપરાવો જોઈએ નહીં, (પછી તે પરિવારના સભ્ય હોય કે સરકારી કચેરીનો મામલો હોય...) તેમના આદેશથી નાણાં વિભાગે નવી ખરીદી આવતા વર્ષ સુધી બંધ કરી દીધી હોવાથી કચેરીઓ સંકટ અને અસુવિધાનો સામનો કરી રહી છે. નાણાં વિભાગે મોટાભાગની ખરીદી ૩૧મી માર્ચ ૨૦૨૧ સુધી સ્થગિત કરી દીધી છે. વિભાગો અને બોર્ડ-કોર્પોરેશનની કચેરીના વડાને આપવામાં આવેલી સૂચના પ્રમાણે નવા વાહનોની ખરીદી કરી શકાશે નહીં. ઈલેક્ટ્રોનિક્સ સાધનો જેવાં કે કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઝેરોક્સ, એસી, મોબાઈલ ફોન, લેપટોપ, કુલર અને આઈટી સંલગ્ન મશીનરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એ ઉપરાંત કોઈપણ ઓફિસમાં નવું ફર્નિચર વસાવી શકાશે નહીં. જો ખરીદી માટેના ટેન્ડર ઈસ્યુ કરવામાં આવ્યા હોય તો તેને ૩૧મી માર્ચ ૨૦૨૧ સુધી સ્થગિત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. વિભાગે એવું પણ કહ્યું છે કે સરકારી કચેરીઓમાં વીજળીનો વપરાશ કરકસરયુક્ત થવો જોઈએ. તમામ કચેરીએ માસિક વીજબીલમાં ઘટાડો થાય તેવા પ્રયાસ કરવાના રહેશે.

## કેન્દ્રએ રૂપિયા આપ્યાં નહીં, ૧૦૭૦૦ કરોડની બજાર લોન લઇને સરકારે ૫૫૦૦ કરોડનું દેવું ચૂકવ્યું

**સરકારના વહીવટ માટે ૧૦૭૦૦ કરોડની બજાર લોન...**

ભારત સરકાર દ્વારા કોરોના સંક્રમણના કારણે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)નું વળતર નહીં મળતાં ગુજરાત સરકારે છ મહિનામાં ૧૬૭૦૦ કરોડ રૂપિયા માર્કેટમાંથી ઉછીના લીધા છે. કેન્દ્ર સરકારે હજી સુધી રાજ્યોને પુરતું વળતર ચૂકવી આપ્યું નથી પરિણામે સરકારની આર્થિક સ્થિતિ નાજૂક બનતાં આ નિર્ણય લેવો પડ્યો છે. નાણા વિભાગના સૂત્રો કહે છે કે કેન્દ્ર તરફથી જુલાઈના અંતમાં ૭૦૦૦ કરોડ મળવા જોઈતા હતા તે મળ્યાં નથી. આ રકમ સપ્ટેમ્બરના અંતે વધીને ૧૦૫૦૦ કરોડ રૂપિયા થવાની છે. ગયા માર્ચ મહિનામાં લોકડાઉન જાહે થયા પછી સરકારની આવકમાં ઓગષ્ટ સુધી ખાસ ફરક પડ્યો નથી. રાજ્ય સરકારને દર મહિને વેરાની આવકમાં ૨૫ ટકાનું નુકશાન જઈ રહ્યું છે તેથી બજારમાંથી ઉધાર રૂપિયા લેવાનો વારો આવ્યો છે. રાજયના નાણાં વિભાગે ૧૬૭૦૦ રૂપિયા જે ઉધાર લીધા છે તેમાં ૫૫૦૦ કરોડ તો જૂના દેવાની ચૂકવણીમાં વપરાઈ રહ્યાં છે. આવી જ સ્થિતિ રહી તો સરકારને હજી વધારે રૂપિયા ઉધાર લેવા પડે તેમ છે. રાજ્ય સરકાર ચાર-પાંચ વર્ષની ટૂંકી મુદ્દતની લોન અને ૧૪ વર્ષની લાંબા ગાળાની લોન લઈ રહી છે જે ૬.૨૫ થી ૬.૭૫ ટકાના દરે મળે છે. ગુજરાત સરકારને એવી આશા હતી કે જીએસટી નુકશાનથી વળતર તરીકે દર બે મહિને ૩૫૦૦ કરોડ મળશે પરંતુ કોરોના સંક્રમણના કારણે કેન્દ્ર તરફથી આ વળતરની રકમ મળી શકતી નથી. હવે કેન્દ્રએ બે વિકલ્પ—આરબીઆઈ અને બજાર લોન આપેલા હતા જે પૈકી ગુજરાતે આરબીઆઈનો વિકલ્પ પસંદ કર્યો છે. આશ્ચર્યની બાબત એવી છે કે લોકડાઉન તબક્કાવાર હટાવ્યા પછી ઉદ્યોગોએ કામગીરી શરૂ કરી હોવા છતાં મહેસૂલી આવકમાં ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે. રાજ્યના પોતાના વેરામાં પણ મોટો ઘાટો જોવા મળી રહ્યો છે. નાણા વિભાગ પર સૌથી મોટું ભારણ કર્મચારીઓના પગાર અને પેન્શનપેટે દર મહિને ચૂકવવાના થતાં ૪૫૦૦ કરોડ રૂપિયા છે.





**વે-સાઇડ રેસ્ટોરન્ટ બનાવો, પોલિસીના લાભ મળશે...**

ગુજરાતમાં વે-સાઈડ એમિનિટીઝ માટે રાજ્યના પ્રવાસન વિભાગે ટુરિઝમ પોલિસી હેઠળ લાભ આપવા માટે ગાઈડલાઈન જાહેર કરી છે, જેમાં નેશનલ હાઈવેઝ, સ્ટેટ હાઈવેઝ અને ડિસ્ટ્રીક્ટ રોજનો સમાવેશ કર્યો છે. રાજ્યમાં જે કોઈ ઉદ્યોગજૂથ પાસે હાઈવે-ટચ જમીન હોય તેઓ આ પોલિસીનો લાભ મેળવી શકે છે. નેશનલ હાઈવે પર રેસ્ટોરન્ટ ખોલવી હોય તો ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચોરસમીટર જમીન હોવી જોઈએ જે પૈકી ૫૦૦ ચોરસમીટર જમીનમાં કાર અને ૧૦૦૦ ચોરસમીટર જમીનમાં બસ પાર્કિંગની સુવિધા આપવાની રહેશે. આ જમીન ટોલપ્લાઝાથી પાંચ કિલોમીટર દૂર હોવી જોઈએ. એવી જ રીતે સ્ટેટ હાઈવેમાં ઓછામાં ઓછી ૭૫૦૦ ચોરસમીટર જમીન અને ડિસ્ટ્રીક્ટ રોડમાં ૫૦૦૦ ચોરસમીટર જમીન ઉપલબ્ધ હોવી જોઈએ. આ બન્ને માર્ગો પર પણ પાર્કિંગની સુવિધા આપવાની રહેશે. વે-સાઈડ એમિનિટીઝમાં ફુડકોર્ટ કે રેસ્ટોરન્ટ અથવા તો રીટેઈલ આર્કેડ બનાવી શકાશે. આ પ્રોજેક્ટમાં કાર અને બસ પાર્કિંગ, પાણી અને સેનિટેશનની સુવિધા, બેબીકેર રૂમ, ફર્સ્ટએઈડ બોક્સ અને ઈન્ટરનેટની સુવિધા આપવી ફરજીયાત છે. રોડ-સાઈડ એમિનિટીઝનો પ્રોજેક્ટ બનાવવા માગતા ઉદ્યોગજૂથને ટુરિઝમ વિભાગ નિયત શરતોને આધિન પોલિસીના તમામ લાભ આપશે તેવું ગાઈડલાઈનમાં જણાવવામાં આવ્યું છે.

**આ વર્ષે બજેટની બધી યોજનાઓ પૂર્ણ નહીં થાય...**

ગુજરાતની બજેટેડ યોજનાના કામોમાં કરકસર જાળવવા રાજ્યના નાણાં વિભાગે આદેશ કર્યો છે. તમામ વિભાગોને એક આદેશમાં કહેવામાં આવ્યું છે કે નવી યોજનાઓ અથવા નવા કામો હાથ પર લેતાં પહેલાં કેટલીક શરતોનું પાલન કરવાનું રહેશે. એક કરોડ સુધીના અંદાજીત કામો વર્ષની અંદર પુરાં કરવા માટેની મંજૂરી આપી દેવામાં આવી છે. એક કરોડ થી પાંચ કરોડના કામોમાં માત્ર ૫૦ ટકા રકમ અને પાંચ કરોડ થી વધુ ખર્ચના કામોમાં ૩૩.૩૩ ટકા રકમ ફાળવવાની સૂચના વિભાગોને આપવામાં આવી છે. નાણા વિભાગે એવું પણ કહ્યું છે કે કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં લોનના હિસ્સાની રકમ આ વર્ષે મળવાની નથી તેથી આવતા વર્ષમાં તે જોગવાઈ સૂચવવામાં આવે તે ઈચ્છનિય છે. નાણા વિભાગે આ સાથે આગામી વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષના અંદાજો તેમજ વર્તમાન નાણાંકીય વર્ષના સુધારેલા અંદાજો તૈયાર કરવાની સચિવાલયના વિભાગોને સૂચના આપી છે જેમાં આ પ્રમાણેની કરકસર કરવામાં આવી રહી છે. આ અંદાજો વિભાગોએ ૧૫મી ઓક્ટોબર થી ૧૬મી ડિસેમ્બર દરમ્યાન ચાર તબક્કામાં નાણાં વિભાગને મોકલવાના રહેશે જેમાં સ્થાયી ખર્ચના અંદાજ, ૧૦૦ ટકા કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ, કેન્દ્રીય પુરસ્કૃત શેરીંગ પેટર્નની યોજનાઓ, રાજ્યની ચાલુ યોજનાઓ, સુધારેલા અંદાજ અને નવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ગુજરાતને બીજું બોલિવુડ બનાવવાના સપનાં તૂટ્યાં, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી મેદાન મારી ગયા

**મુંબઇનું બોલિવુડ હવે ગુજરાત નહીં આવે, યુપી જશે...**

ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એવી જાહેરાત કરી હતી કે "મુંબઈનું બોલિવુડ હવે ગુજરાતમાં શિફ્ટ થશે, કારણ કે ગુજરાત ૧૦થી વધુ એન્ટરટેઈનમેન્ટ ઝોન, ૧૦ ફિલ્મસિટી અને ૮ ફિલ્મ સ્ટુડિયો બનાવી રહ્યું છે." — કાશ, નરેન્દ્ર મોદીના આ શબ્દો સાચા પડ્યાં હોત, પરંતુ સ્થિતિ એવી સર્જાઈ છે કે મુંબઈનું બોલિવુડ હવે ઉત્તરપ્રદેશ શિફ્ટ થઈ રહ્યું છે. ગુજરાત સરકારે મંજૂરીઓ આપવામાં વિલંબ કરતાં ફિલ્મ નિર્માતાઓએ બીજા રાજયની પસંદગી કરી લીધી છે. ઉત્તરપ્રદેશના ગૌતમબુદ્ધ નકર જિલ્લાના નોઈડામાં શાનદાર ફિલ્મ સિટી બની બનાવવામાં આવશે. લખનૌમાં ઉચ્ચ અધિકારીઓની એક બેઠકમાં રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જાહેરાત કરી હતી કે નોઈડા, ગ્રેટર નોઈડા અને યમુના એક્સપ્રેસ વે ના વિસ્તારમાં વિશાળકાય ફિલ્મ સિટી બનાવવામાં આવશે. ગુજરાતે માત્ર જાહેરાત કરી હતી કે દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં ફિલ્મસિટી બનાવવામાં આવશે. નરેન્દ્ર મોદીના શાસનમાં ૨૪ જેટલી ફિલ્મ હસ્તીઓ તેમજ ફિલ્મ નિર્માતાઓએ ફિલ્મ સિટી અને સ્ટુડિયોના વચનો આપ્યાં હતા પરંતુ તેમાં વર્તમાન સરકારના ઉદ્યોગ અને પ્રવાસન વિભાગે મોનિટરીંગ નહીં કરતાં આ પ્રોજેક્ટ હવે બીજા રાજ્યમાં સરકી રહ્યો છે. પ્રવાસન વિભાગે મહાત્મા મંદિર અને સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત રાજ્યના ૧૦૫ જેટલા એવાં લોકેશન પણ શોધી કાઢ્યાં છે કે જ્યાં ફિલ્મોના શૂટીંગ થઈ શકે તેમ છે પરંતુ વિભાગના ઉચ્ચ ઓફિસરો બોલિવુડના નિર્માતા અને ફાયનાન્સરોનો સંપર્ક કરવાનો ચૂકી ગયા લાગે છે.